

# મફતનો સાબુ

રાજપરમાં એક ટીકાશેઠ હતા. મોટા વેપારી હતા, પણ અમદાવાદમાં રહેતા હતા.

આ ટીકાશેઠને એક જ દીકરો હતો. તેને પરણાવવાનો હતો.

ટીકાશેઠ રાજપરમાં આવી ગયા. પોતાનાં જૂનાં ઘર ઉઘાડ્યાં.

પોતાની જન્મભૂમિમાં જ લગ્નની ધામધૂમ ગોઠવી.

ટીકાશેઠ અને દલાશેઠ સગા કુટુંબી હતા. તેથી લગ્નનું કામકાજ ટીકાશેઠે દલાશેઠને સોંપી દીધું.

પણ ખાસ કામ તો તભા ભટને અને મિયાં ફુસકીને સોંપી દીધું.

રાજપરમાં ટીકાશેઠે ધામધૂમ માંડી દીધી.

આખા ગામને મોજ થઈ. એમાંય ફુસકી મિયાં અને તભા ભટ તો બધામાં પહેલા. તભા ભટને એક પળનીયે નવરાશ નથી. કેટલાંય કામ તભા ભટને સંભાળવાનાં છે. મિયાં ફુસકીને ફુરસદ ન મળે. વિવાહમાં તો હજારો કામ હોય. ગણવા બેસીએ તો પાર આવે નહીં.

ટીકાશેઠ કહે : “જુઓ ભટજી! તમે છો અને આ ફુસકી મિયાં છે. બધું કામ તમારે સંભાળવું.”

ફુસકી મિયાં બોલ્યા : “અમે બધાં કામ પૂરાં કરીશું. તમતમારે ખાઓ, પીઓ, ફરો અને આનંદ કરો.”

ખરેખર, ટીકાશેઠને કોઈ વાતની ચિંતા રહી નહીં. મિયાં ફુસકી અને તભા ભટ બધાં કામ કરી લે છે.



દલાશેઠ બળીને ખાખ થઈ ગયા.

ટીકાશેઠ તો પોતાના જાતભાઈ છે. તેના કાકા ને પોતાના કાકા સગા ભાઈ હતા. એટલે કશી જુદાઈ નથી. ટીકાશેઠના કામમાં તો દલાશેઠ પહેલા હોય. બધાં કામ તેમના જ હાથમાં હોવાં જોઈએ. તો પોતાનો મોભો ગણાય. પણ અહીં તો કોઠારની ચાવી તો કે મિયાં ફુસકી પાસે. ગાદલાં ને ગોદડાં તો કે ફુસકી મિયાંના હાથમાં. ગોળ, ઘી, લોટ જોઈએ તો કે આપશે મિયાં ફુસકી.

વિવાહનું કામ છે. લોકોની મંડળી જામી છે. એમાં તો ચા, પાન, સોપારી, લવિંગ, એલચી, તજ, વરિયાળી, ધાણાદાળ એવું ઘણું ઘણું જોઈએ. એ બધું લઈ લઈને ફુસકી મિયાં દોડાદોડી કરે છે. દલાશેઠ મનમાં બળે છે. એવામાં દલાશેઠને લાગ મળી ગયો.


ચા પિવાઈ ગઈ. હવે પાનનાં બીડાં જોઈએ. ફુસકી મિયાં પાન, કાથો, ચૂનો એ બધાંની તાસક લઈને આવ્યા. તાસક આગળ મૂકી.

આ તો ગામડું છે. અહીં તૈયાર પાન ના મળે. હાથે બનાવી લેવાનાં.

સવાઈલાલ બોલ્યા : "ભાઈ, પાન તો ફુસકી મિયાં લાવ્યા, પણ બનાવે કોણ?"

દલાશેઠે તાસક પોતાની આગળ ખેંચી લીધી અને મોઢું મલકાવીને બોલ્યા : "પાન બીજું કોણ બનાવે! જેણે પાન ખાધાં હોય તે બનાવે. અમે બનાવીશું. પાન બનાવવાં એ બેવકૂફોનાં કામ નથી. ચૂનો વધારે થઈ જાય તો મોઢું ફાટી જાય. કાથો વધે તો કડવું ઝેર થઈ જાય."

આમ બોલીને દલાશેઠે ફુસકી મિયાં સામે જોયું. જાણે કે પોતે ફુસકી મિયાંને જ બેવકૂફ બનાવ્યા એમ માનીને હસ્યા.



ફુસકી મિયાં ચૂપ રહ્યા. ચૂપચાપ બેસી રહ્યા. પાન બનાવી બનાવીને બધાને દલાશેઠ આપવા લાગ્યા, પણ ફુસકી મિયાંને આપ્યું નહીં.

સવાઈલાલ બોલ્યા : "અરે દલાશેઠ! બધાને તમે પાન આપ્યાં. બધાનાં મોઢાં લાલ થયાં, પણ આ ફુસકી મિયાંનું મોઢું લાલ નથી થયું કેમ?"

દલાશેઠ બોલ્યા : "હમણાં બનાવું. મને એમ કે ઘણા બેવકૂફો પાન નથી ખાતા. એમ માનીને અમે ના બનાવ્યું."

દલાશેઠે પાન બનાવ્યું, પણ કાથો એટલો બધો ધમકાવી દીધો કે કડવું ઝેર પાન લાગે. એ ફુસકી મિયાંએ ખાધું. કડવું લાગ્યું એટલે ફુસકી મિયાંએ મોઢું બગાડ્યું. એ જોઈને દલાશેઠ હળવું હળવું હસ્યા. ફુસકી મિયાં મનમાં સમજીને રહી ગયા. દલાશેઠને મોજ આવી.

હવે ગામની ધામધૂમ પૂરી થઈ.


જાન ચાલી. વરરાજાની મોટર શણગારી હતી. એ બધાથી આગળ હતી.

ચાર ગાઉ દૂર જાન જવાની હતી.

ટીકાશેઠને ભારે ઉમંગ હતો. દીકરાને પરણાવવો અને વિવાહનો આનંદ વધે એ માટે ખાસ મોટર-ખટારામાં જાન લઈ જવાનું નક્કી કરેલું.

જાનની મજા આવે એ માટે વરરાજાની મોટર સૌથી આગળ હતી. બીજી મોટરમાં બહેનો બેઠી હતી. ત્રીજી મોટરમાં નાની-મોટી બહેનો હતી. કોયલના ટહુકા થતા હોય એવા મીઠા રાગથી ગીત ગવાતાં હતાં.

નાનકડી બહેનો સરસ ગીતો ગાતી હતી. આવાં ગીતો ગવાય તો જ જાનની ખરી મઝા આવે. એટલે ટીકાશેઠે બહેનો માટે ખાસ મોટર રાખી હતી. એ બધું ગોઠવવાનું કામ ફુસકી મિયાંનું હતું. બધા ગોઠવાઈને મોટરોમાં બેસી ગયા. હવે કોઈ બાકી નથી. ફુસકી મિયાં હજી દોડાદોડીમાં હતા. સહુથી



પાછળ પોતે બેસવાના હતા. એક મોટરમાં પોતાને બેસવાની જગા ખાલી રખાવી હતી. દલાશેઠ એ વાત જાણી ગયા. ચાલવાની તૈયારી થઈ કે ગોધા ઠક્કર લફડ ફફડ કરતા આવ્યા. તે પાછળ રહી ગયા હતા.

'હું ક્યાં બેસું, હું કઈ મોટરમાં ચડું?'

આમ બબડતા આમતેમ ડાફોળિયાં મારવા લાગ્યા. મોટર ખીચોખીચ ભરાઈ ગઈ હતી. દલાશેઠ એકદમ ઊભા થઈ ગયા અને ગોધા ઠક્કરને કહે કે ઠક્કર, તમે બેસો અહીં.

આમ કહી પોતાની જગા પર ગોધા ઠક્કરને બેસાડ્યા અને પોતે જઈને ફુસકી મિયાંની જગામાં બેસી ગયા. મોટરો ચાલી નીકળી. ફુસકી મિયાં દોડતા આવ્યા. જોયું તો પોતાની જગા પર દલાશેઠ ગોઠવાઈ ગયા છે.

ફુસકી મિયાં આવ્યા એટલે દલાશેઠ મોઢું આડું કરીને હસવા લાગ્યા. જાણે કે આ બીજો ઘા ફુસકી મિયાંને માર્યો.

ફુસકી મિયાં પણ ચૂપ રહી ગયા. મનમાં સમજી ગયા કે દલાશેઠે આ બાજી ગોઠવી છે.

ઠાકોર જોઈ ગયા. પોતાની મોટરમાં ફુસકી મિયાંને લઈ ગયા. એટલે તો દલાશેઠનું હસવું ઊડી ગયું.

જાન પહોંચી ગઈ કન્યાના ગામમાં.

વેવાઈનું ગામ છે. બૅન્ડવાજાં વાગ્યાં. ધડાકા થયા. જાનને ધામધૂમથી ગામમાં લઈ ગયા. એક મોટા ઘરમાં ઉતારો આપ્યો. સાંજે જાન પહોંચી અને તરત જમવા બેસાડ્યા. ફુસકી મિયાંને પણ એક બાજુ બેસાડી દીધા.

દલાશેઠે નવો ઘાટ ઘડ્યો. તેઓ રસોડા બાજુ ગયા. પીરસનાર તો ઘણા હોય, પણ બધી રસોઈની તપાસ રાખનાર મુખ્ય રસોઇયો હતો. તેને મળીને દલાશેઠે કહ્યું કે પેલા મિયાંજી જમવા બેઠા



છે. તેમને અમે ખાસ જાનમાં લઈ આવ્યા છીએ, પણ તેમને ખાસ અમુક જ રીતનું ખાવાનું ભાવે છે. મગજ ચક્કર જેવું છે એટલે પોતાને ભાવે એવું ખાવા ન મળે તો ઊઠીને ભાગે છે. માટે તેમને જરા સાચવવા પડશે.

રસોઇયો કહે : "આપ કહો એવું તૈયાર કરીને મિયાંજીને પીરસીશું."

રસોઇયો સમજ્યો કે આ કોઈ જાનના આગેવાન હશે. તેને શું ખબર કે આ તરકટી દલાશેઠ છે!

દલાશેઠ બોલ્યા : "દાળ લાવો. એમાં હું કહું એ પ્રમાણે મીઠું-મરચું નાખો. પછી એ દાળ જ તેમને પીરસજો."

રસોઇયાએ જુદી દાળ લીધી. એમાં મૂઠી ભરીને મીઠું નખાવી દીધું. શાક લઈને એમાં મરચું ભારોભાર નાખ્યું.

દલાશેઠે કંઈ બાકી ન રાખી. કહ્યું કે અમારા મિયાંશેઠ ગળપણ જમતા નથી. તેમના માટે ખાસ મોળો શીરો બનાવી દો. પૂરીમાં મીઠું અને મરચું ચડિયાતું નાખો. બીજું કંઈ પીરસવાનું નથી.

બધાને પીરસાઈ ગયું. ફુસકી મિયાંને પણ દાળ, શાક, શીરો અને પૂરી પીરસી દીધાં.

દલાશેઠે વાત બાકી રાખી નહીં. કન્યાના બાપને જઈને કહી આવ્યા કે અમારા મિયાંશેઠ ખાસ માનીતા છે. જરા આગ્રહ કરજો. એ રહ્યા મિયાંભાઈ. આપણા વાણિયાની રસોઈ જમ્યા હોય નહીં. માટે કહેજો કે અમારી વાણિયાની રસોઈ છે માટે ન ફાવે તો માફ કરજો.

કન્યાના પિતા શું જાણે કે આ દલાશેઠનું તરકટ છે! તે તો બિચારા મિયાં ફુસકી પાસે ગયા અને ભારે વિવેકથી બોલ્યા : "જુઓ મિયાંસાહેબ! કંઈ ખામી રહી ગઈ હોય તો માફ કરજો.

